ગરીબ પરીવારની પ્રિયંકાએ કોડીયાના અજવાળે અભ્યાસમાં ઉજાસ પાથર્યો

છાપરામાં દિવડાના પ્રકાશથી અંધારૂ ઉલેચી ધોરણ-૧૦માં ૭૮ ટકા ગુણ પ્રાપ્ત કર્યા

ધનસુરા, તા. ૬

આધુનિક યુગમાં હાઈ પ્રોફાઈલ બનતા શિક્ષણ ક્ષેત્રમાં સ્પર્ધાત્મક અભિગમ વધુ મજબૂત બન્યો છે ત્યારે 'લીવીંગ સ્ટાન્ડર્ડ'મેઈનટેઈન કરતા શિક્ષિત સમાજ સામે છેવાડામાં પ્રવૃત્ત શ્રમિક પરિવારોના સંતાનોનો હોંસલો પણ કેટલો બુલંદ છે. તેનુ તાજુ ઉદાહરણ ધનસુરાના શ્રમિક પરિવારે આપ્યું છે. કાચા છાપરામાં દુવિધાઓની ભરમાર વચ્ચે કોડીયાના અજવાળે અભ્યાસ કરીને આ પરિવારની પ્રિયંકાએ ધોરણ ૧૦માં ૭૮ ટકા ગુણ પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓને ખરેખર નવી રાહ ચિંધી છે.

સાબરકાંઠાના ધનસુરામાં ગામથી દૂર એક કિલોમીટર ખેતરમાં કાચુ છાપરૂ બાંધી રહેતા મીનાબહેનને બે દિકરા અને એક દીકરી એમ કુલ ૩ સંતાનો છે. અને ખુબ નાની ઉંમરે મીનાબહેન પતિની તથા બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી ચૂક્યા છે. મીનાબહેન હાલ ઘરકામ અને ખેતરમાં મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ત્યારે માતાની આ તમામ પરિસ્થિતિ જોતા દીકરી પ્રયંકાએ પણ માતાની મદદ અર્થે ઘરકામ અને ખેતરમાં મજુરી કરી પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો. છાપરામાં લાઈટની સગવડ ન હોવા છતા દિવડાના પ્રકાશે અને માત્ર ને માત્ર સરકારી શાળાના સહારે તેમજ તેણીની સખત અને સતત મહેનતના પરિણામે ધોરણ-૧૦ માં ૭૮ ટકા ગુણ મેળવ્યા હતા. દીકરીની આ સિદ્ધિ જોઈ વિધવા માતાને હર્ષના આંસુ આવ્યા હતા અને દીકરી પ્રિયંકાને આગળ ઉચ્ચ અભ્યાસ કરવા હિંમત આપી છે. જ્યારે વિદ્યાર્થિની પ્રિયંકાએ પણ આગળ વધુ અભ્યાસ કરી સનદી સેવામાં જોડાઈ દેશ સેવા કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. અને પોતાના પરિવાર અને સમાજને ગૌરવ આપાવ્યું છે.



ડીસા બનાસના પૂલના છેડે અકસ્માત : બે ઘાયલ

ડીસા મહાકાળી મંદીર પાસે આવેલ બનાસ નદીના પૂલના છેડે જીપ અને મારૂતી કાર અથડાતા બે જણાને ઈજા થવા પામી હતી. ડીસા બનાસનદીના પૂલની આજૂબાજુ માલગઢથી અવર જવર કરતા વાહનોએ હાઈ-વે પૈકીના ડિવાઈડરો તોડી રસ્તા બનાવી દીધા છે. જેના કારણે આ વીસ્તારમાં અનેક ગમખ્વાર અકસ્માતો થતા રહે છે. મુંબઈથી પોતાની કુળદેવીના દર્શન કરવા અંજાર ગયેલ ઘનશ્યામભાઈ હીરાભાઈ ઠકકર અંજારથી અંબાજી માતાના દર્શન કરવા પોતાની મારૂતી કંપનીની એમ.એચ. ૦૪ ડી.આર. ૭૦૨ નં.ની ગાડી લઈ જતા હતા ત્યારે રોંગ સાઈડથી રોડ તોડી બનાવેલ જગ્યામાંથી જીપ નં.જી.જે. ૯ બી.૪૧૬૬ ગાડી સાથે ટકકર લાગતા તેમની ગાડીના ડ્રાઈવર સંતોષભાઈ બબનભાઈ ગઢ રહેવાસી મુંબઈ તેમજ ઘનશ્યામભાઈને ઈજાઓ થવા પામી હતી. ઘનશ્યામભાઈના પત્નિ સામાન્ય ઈજાઓ થતા પ્રાથમિક સારવાર ડીસા સિવિલ હોસ્પિટલમાં કરવામાં આવી હતી. ઘટના સ્થળે ડીસા તાલુકાની પોલીસે પહોચીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

લક્ષ્મીપુરા ગામથી વિજયનગર તાલુકા સુધીનો બિસ્માર માર્ગ સુધારવા રહીશોની માંગ

લક્ષ્મીપુરા, તા. ૬

સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકાના લક્ષીપુરા ગામથી વિજયનગર તાલુકાના મુખ્ય મથક સુધીનો માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હોવાથી ગ્રામજનો ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે. અને આ મામલે વારંવાર તંત્ર સમક્ષ રજુઆતો કરવા છતા કોઈ પરિણામ ન આવતા ભારે રોષે ભરાયા છે. તથા તાત્કાલિક બિસ્માર માર્ગ બનાવવા માંગ કરી છે.

મળતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાથી ગલોડીયા, નાકા, પરોસાડા, આંતરી અને છેક વિજયનગર તાલુકા સુધીનો મુખ્ય માર્ગ છેલ્લા ઘણા સમયથી બત્તર હાલતમાં છે. ઠેર ઠેર મોટા મોટા ખાડા અને માર્ગ પર કાંકરા જોવા મળે છે. જેથી આ માર્ગ પર પસાર થતા રાહદારીઓ અને નાના વાહનચાલકોને દરરોજ ભારે મુશ્કેલીઓ વેઠવી પડે છે. તો ઘણી વખત આ માર્ગ પર અકસ્માત પણ સર્જાયા છે. અને કેટલાકના ભોગ પમ લેવાયા છે ત્યારે તંત્ર આ તમામ માર્ગ વિશે પરિચિત હોવા છતા આંખ આડા કાન કરી પોતાની જવાબદારી એક-બીજા અધિકારીઓ ઉપર ઢોળી પોતાની જવાબદારીથી ભાગી રહ્યા છે. જેથી ગ્રામજનો અધિકારીઓના આ વલણથી ભારે રોષે ભરાયા છે. અને તાત્કાલિક તંત્રના અધિકારીઓ આ મામલે પગલા ભરે તેમ ઈચ્છી રહ્યા છે. અન્યથા આગામી દિવસોમાં સરકાર વિરૂદ્ધ આંદોલનો કરવા ચિમકી ઉચ્ચારી છે.

ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧
Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

સાબરકાંઠા જિલ્લામાં

મગનજી વણઝારા	(બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર)	૯૯૨૫૦૪૪૭૪૩ ૯૩૭૪૮૪૪૭૧૬
સમીર બલોચ	સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર	૯૯૨૪૩૩૩૪૩
દશરથ વણઝારા	તલોદ	૯૬૩૮૧૮૮૭૯૬
જનક રાવલ	વડાલી	૯૯૨૫૭૯૯૭૦૩
કાળુસિંહ રાઠોડ	સલાલ	૯૪૨૭૯૦૯૦૩૧
જીતેન્દ્ર એલ. પટેલ	ધનસુરા	૯૪૨૭૩૬૮૫૦૩
પ્રકાશ ગઢવી	ઈડર	૯૪૨૯૪૫૭૬૧૭
રમેશભાઈ વૈષ્ણવ	ખેડબ્રહ્મા	૯૪૨૬૨૫૯૩૬૦
જયદેવભાઈ બારોટ	ખેડબ્રહ્મા	૯૪૨૮૮૩૦૩૩૮
સંજય રાવલ	પ્રાંતિજ	૯૮૨૫૮૩૮૫૬૯
કોદરસિંહ રાઠોડ	તાજપુર કેમ્પ	૯૯૯૮૮૨૮૧૯૩
મયુર ધ્વજસિંહ વાઘેલા	માણસા	૯૮૭૯૦૯૯૯૩૩

મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં

મહેશભાઈ બારોટ	મહેસાણા/ઊંઝા	૯૯૭૯૪૦૨૫૩૩
ગણપતભાઈ જોષી	પાલનપુર	૯૩૭૫૦૭૬૦૬૧
હરેશ જોષી	પાલનપુર	૮૦૦૦૯૧૧૬૧૬
કાંતિલાલ લોધા	ડીસા	૯૮૭૯૦૧૦૦૪૭
જેણુભા વાઘેલા	પાટણ	૯૯૯૮૨૧૦૪૩૬

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧



સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

પાલનપુરના કોટની અંદરના માર્ગો નવા બનાવવા દુકાનો બંધ કરી ચક્કાજામ

પાલનપુર, તા. ૬

પાલનપુરમાં આંતરિક માર્ગોનવા બનાવવા અંગે ઘણા સમયથી માંગણી છતાંય નગરપાલિકા દ્વારા કોટની અંદરના વિસ્તારો જેવા કે ભક્તોની લીમડી, બારડમુરા, ઢાળવાસ, ટાવર રોડ, મોટી બજાર થી નાની બજાર, ત્રણ બત્તી, જૂના-નવા ડાયરા, સલેમપુરા રોડ પરના મોટાભાગના લઘુમતી વિસ્તારના વેપારીઓ સ્થાનિકોએ આજે નવા રોડ બનાવવા બંધ રાખી રાખી ચક્કાજામ કર્યો હતો.

આ વિસ્તારમાં છેલ્લાં બે દાયકાથી નવા રોડ કરાયા નથી. આ ઘટનાથી શહેરભરમાં ચકચાર મચી જતાં કલેકટર સહિત પાલિકા તંત્ર અને પદાધિકારીઓ ઘટના સ્થળે આવી વેપારી આલમ સ્થાનિક પ્રજાજનોને આગામી ટૂંક સમયમાં રોડનું કામકાજ ચાલુ કરાશે. તેમ ખાત્રી આપતાં મોડી સાંજે દુકાનો ખોલી હતી.

પાલનપુરમાં ડેરીનો અખાદ્ય જથ્થો નાશ કરાયો

પાલનપુર, તા. ૬

બનાસકાંઠામાં તાજેતરમાં ડીસા ખાતે સ્થાનિક સુધરાઈએ શાકભાજી યાર્ડ અને અન્ય જગ્યાઓ ઉપરથી કેરીના વેપારીઓને ત્યાં તપાસ કરી કાર્બોઈડથી કેરી પકવતા પર ત્રાટકીને મોટા જથ્થાનો નાશ કરાયો હતો. જ્યારે સાંજના સુમારે જિલ્લા મથક પાલનપુર ખાતે સરકારીતંત્ર દ્વારા નગર પાલિકા પાછળ આરોગ્યધામ રોડ ઉપર કેરીના વેપારીઓને ત્યાં તંત્રે ભારે ચુપકીદીથી ચેકીંગ હાથ ધરી અખાદ્ય કેરીનો જથ્થો ટ્રેકટર ટ્રોલીમાં ભરી અંદાજે ૫૦૦ કિલોગ્રામનો નાશ કરાયો હતો.

આ અંગે ખોરાક ઔષધ તંત્ર અને જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગને પુછતાં કંઈપણ કહેવાનો ઈન્કાર કરાયો હતો. જ્યારે પાલનપુરમાં કેરીના વેપારીઓની વખારોમાં તપાસ કરાય તો કાર્બોઈડથી પકવતા હોવાથી વ્યાપક ફરિયાદોને સમર્થન મળે તેમ છે. નગરપાલિકા તંત્ર આ અંગે ઘટતાં પગલાં ભરશે તેમ પ્રજાજનો રાહ જુએ છે.

વળતર મેળવો

"એ" ગૃપના શેર ઉપર વળતર આપવામાં આવશે. કરન્સી અને કોમોડીટી A/c ઉપર ૩% થી ૫% સુધીનું વળતર આપવામાં આવશે.

Contact
8980456125
8460344228

પાલનપુરમાં બાળકને ઉઠાવવા જતો સાધુ જેવો ઈસમ ઝડપાયો

પાલનપુર, તા. ૬

બનાસકાંઠાના પાલનપુર શહેરમાં ગત રોજ સવારના સમયે એક ચાર વર્ષના માસુમ બાળકને ચોકલેટની લાલચ આપીને ઉઠાવવાનો પ્રયાસ કરતો સાધુ જેવો ઈસમ સ્થાનિક રહિશોના હાથે ઝડપાઈ જતા સ્થાનિકોએ ભારે મેથીપાક ચખાડ્યો હતો અને પોલીસને હવાલે કર્યો હતો.

પાલનપુરના જુમ્મા મસ્જીદ ટાવર વિસ્તારમાં રહેતા તબરેઝખાન નાગોરીનો ચાર વર્ષનો પુત્ર સરકાન તેની મોટી બહેન સાથે બાજુમાં આવેલા પાર્લર પર ચોકલેટ લેવા ગયો હતો. દરમિયાન સવારથી જ શહેરની મુખ્ય જુમ્મા મસ્જીકના પગથીયાની સામે અડ્ડો જમાવીને બેઠેલો સાધુ જેવો લાગતો ઈસમ બેઠો હતો તેણે બાળકને ચોકલેટની લાલચ આપીને ઉઠાવવાનો પ્રયાસ કરતા આસપાસના લોકોનું ટોળુ એકઠુ થવા પામ્યું હતું અને ઈસમને ભારે મેથીપાક આપ્યો હતો. બાદમાં પોલીસને જાણ કરાતા પોલીસે ઘટનાસ્થળે આવીને લોકોના ટોળા વચ્ચેથી ઈસમને છોડાવી શહેર પોલીસ મથકે લઈ ગયા હતા અને તેની ઝડતી લેતા તેના થેલામાંથી કપડાં, દવા અને નાના બાળકોના કપડાં પણ મળી આવ્યા હતા. જેથી પોલીસે શંકા વ્યક્ત કરી વધુ પૂછપરછ કરી હતી. અચાનક બનેલી આ ઘટનાથી થોડીવારમાં જ ચકચાર મચી જવા પામી હતી.

બહેડીયા ગામે રહેણાંક મકાનમાંથી ૨૭ હજારનો વિદેશી દારૂ પકડાયો

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના બહેડીયા ગામે બાતમીના આધારે ખેડબ્રહ્મા પોલીસના પી.એસ.આઈ. જી.આર. વાઘેલાએ મંગળવારના રોજ બપોરે ૧.૩૦ કલાકે કમલેશ લુકાભાઈ સોલંકીના ઘરે ઓચિંતી રેડ કરી રૂ. ૨૭,૬૦૦ની કિંમતની કુલ ૨૬૫ નંગ વિદેશી દારૂ અને બિયરનો જથ્થો કબજે કર્યો હતો. જ્યારે બુટલેગર કમલેશ સોલંકી પોલીસને જોઈ નાસી છુટવામાં સફળ રહ્યો હતો. આ દરોડામાં પોલીસે મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

રક્તદાન-મહાદાન

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં. ૧૮નો ૪થા માળે, સે.૧૧, ગાંધીનગર,
ફોન નં. ૦૭૯-૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮
Email : guda_info@yahoo.co.in

ઈ-ટેન્ડરીંગ નોટીસ નં. ૭/૨૦૧૨-૧૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા હોર્ડીંગ કામની અનુભવી એજન્સીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

અ. નં.	કામનું નામ	૧. બાના રકમ ૨. ટેન્ડર ફી
૧.	ગુડા વિસ્તારમાં ગુડાની માલિકીના વીજળીના થાંભલા ઉપર કિઓસ્ક મુકીને જાહેરાત પરવાનો આપવા બાબત. (હોર્ડીંગ્સ) જોબ નં. ૬/૨૦૧૨-૧૩	૧. રૂ. ૨૫,૦૦૦/- ૨. રૂ. ૧૦૦૦/-

ઉપરોક્ત કામની વિગતો અત્રેની કચેરીના ઈન્ફ્રાસ્ટ્રક્ચર શાખામાંથી તથા ગુડાની વેબસાઈટ http://guda.nprocure.com પરથી જોવા મળશે.

(૧) ઓન લાઈન ટેન્ડર અપલોડ કરવાની છેલ્લી તારીખ ૨૦/૬/૨૦૧૨ સાંજના ૧૮-૦૦ કલાક સુધી
(૨) ટેન્ડરની હાર્ડ કોપી, ટેન્ડર ફી, ઈ.એમ.ડી. ગુડા ઓફીસે સીલબંધ કવરમાં આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયર / હાથોહાથથી મોકલવાની છેલ્લી તા. ૨૫-૬-૨૦૧૨ સાંજના ૧૮-૦૦ કલાક સુધી
(૩) ટેકનીકલ બીડ ખોલવાની તારીખ : ૨૬-૬-૨૦૧૨ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે.
(૪) પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ અલાઈદા જણાવવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તારીખ :
માહિતી/૪૯૧/૧૨-૧૨

કાર્યપાલક ઈજનેર
ગાંધીનગર શહેર વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD | Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૫૨૮

જાહેરનામું
મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)

જીલ્લો : પાટણ **તા. ૧૭ મે, ૨૦૧૨**
જમીન સંપાદન કેસ નં. ૨/૨૦૧૧
નં. અમ/૨૦૧૨/૫૩/મ/૪૫૧/૩૦/૨૦૧૧/૧૩૫૫/ઘ

ભારતના બંધારણની કલમ-૨૫૮ના ખંડ (૧) અન્વયે બહાર પાડવામાં આવેલ ભારત સરકારના કૃષિમંત્રાલય (ગ્રામ વિકાસ વિભાગ)ના તા. ૨૦/૮/૧૯૮૭ના જાહેરનામા નં. ૧૨૦૧૧/૩૨/૧૭/૮૪ એલ.આર.ડી. / એસ. / ઓ / ૯૮૭/ઈ દ્વારા ગુજરાત રાજ્યના પ્રદેશમાં સંઘના હેતુ માટે જમીન સંપાદન અધિનિયમ-સને ૧૮૯૪નો ૧લા હેઠળના કેન્દ્રીય સરકારના કાર્યો ગુજરાત સરકારને સોંપવામાં આવ્યા છે. એથી.

સરકારશ્રીના મહેસુલ વિભાગના તા. ૫/૧/૨૦૧૨ના સરકારી જાહેરનામા નં. અમ/૨૦૧૨/૫/મ/૭૫૮/૩૦/૨૦૧૧/૧૩૫૫/ઘ કે જે કાયદાનુસાર તા. ૫/૧/૨૦૧૨ના રોજ પ્રસિદ્ધ કરાયેલ હેતુ એથી જાહેર કરવામાં આવ્યું હતું કે, આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલી જમીનો (હવે પછી ઉક્ત જમીનો તરીકે ઉલ્લેખાયેલ)ની અનુસુચિમાં જણાવેલ જાહેર હેતુ માટે જરૂર પડે તેવો સંભવ છે. અને જમીન સંપાદન અધિનિયમ - ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)ની કલમ-૫-કની પેટા કલમ (૨) મુજબના નાયબ કલેક્ટર, રાધનપુરના અહેવાલ પર વિચારણા કર્યા બાદ ગુજરાત સરકારને ખાતરી થઈ છે કે, ઉક્ત જમીનો આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ જાહેર હેતુસર તેઓના ખર્ચે પ્રાપ્ત કરવી જરૂરી છે. અને તેથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ હેઠળ એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનની આ સાથેની અનુસુચિમાં દર્શાવેલ જાહેર હેતુ માટે જરૂરી છે. આથી ઉક્ત જમીનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહી બાબતોમાં કલેક્ટરની ફરજો બજાવવા માટે નાયબ કલેક્ટર, રાધનપુરને ઉક્ત અધિનિયમની કલમ-૩ના ખંડ (૩) હેઠળ નિમવામાં આવે છે. ઉક્ત જમીનોના સંપાદન માટેનો હુકમ મેળવવાનું ઉક્ત અધિનમયની કલમ-૭ હેઠળ તેમને ફરમાવવામાં આવે છે અને ઉક્ત જમીનોનું સંપાદન કરવું તાકીદે જરૂરી છે. તેથી ઉક્ત અધિનિયમની કલમ-૧૭ની પેટા કલમ (૧) હેઠળ ગુજરાત સરકાર વધુમાં એવું ફરમાવે છે કે, ઉક્ત અધિનિયમની કલમ-૯ની પેટા કલમ (૧) હેઠળ ઉક્ત જમીનો અંગેની નોટીસ બહાર પાડવાની તારીખથી ૧૫ દિવસ પુરા થયે કલેક્ટર આગળ જણાવેલા સરકારી જાહેરનામામાં જણાવેલ બધી જમીનોનો કબ્જો લેશે. ઉક્ત જમીનનો નકશો નાયબ કલેક્ટર, રાધનપુરની કચેરીએ તપાસી શકાશે.

અનુસૂચિ

જમીન સંપાદન કેસ નં. ૨/૨૦૧૧
જીલ્લો : પાટણ **તાલુકો : સાંતલપુર** **ગામ : સાંતલપુર**

જાહેર હેતુ : મોજે - સાંતલપુર, તા. સાંતલપુર મુકામે આવેલ એચ.પી.સી.એલ (એન.એચ.૧૫ની બાજુમાં આવેલ સ્ટેશન) કેમ્પની જગ્યાના વરસાદી પાણીના નિકાલ માટે પાણીની પાઈપ લાઈન નાંખવાના હેતુસર જમીન સંપાદન માટે.

સર્વે નંબર	જરૂરી જમીનનું ક્ષેત્રફળ (હે.આરે.ઓ.મી.)
૧૫૩ પૈકી ૧	૦.૦૬.૫૨
૧૫૪ પૈકી ૧	૦.૦૩.૬૮
૧૭૮	૦.૦૮.૬૫
કુલ	૦.૧૮.૮૫

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી/-
(આર. વી. ગામીત)
નાયબ કલેક્ટર,
રાધનપુર

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ
નામાનિ/પાટણ/૧૪૬/૨૦૧૨-૧૩